**નામદાર શ્રી પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ, મુન્દ્રા –કચ્છ સાહેબની અદાલતમાં**

---

**<u>સ્પે.દિવાની દાવા નંબર ૩૨/૨૦૧૯.</u>**

**<u>–: આંક: ૧ લગત હુકમ :–</u>**

આ કામે વાદી તેમના વિધ્વાન વકીલ શ્રી મારફતે આંક: ૧૪ વાળી વિથ ડ્રો પુરશીશ રજુ કરી તેઓ આ કામ આગળ ચલાવવા માંગતા ન હોઈ સદર કેસ બિન શરતી વિથ ડ્રો કરે છે તેમ જાહેર કરેલ હોય સદર વિથ ડ્રો પુરશીશ વાંચી સંભળાવતાં કબુલ મંજુર રાખેલ છે અને તેઓએ જણાવેલ છે કે, તેઓ પાવર ઓફ એટર્ની હોલ્ડરથી વિડ્રો કરે છે અને રેકર્ડ જોતા આ પાવરનામું વાદીના વિ.વ.શ્રીએ તા.૦૮.૦૫.૨૦૧૯ ના રોજ દસ્તાવેજી પુરાવા લિસ્ટ સાથે રજુ કરેલ છે અને તેમાં હાલના દાવાવાળી જમીન અંગે તમામ પ્રકારની સતા અને સમાધાન કરવાની પણ સતા આપેલ હોવાનું જણાય છે. આ પાવર ઓફ એટર્ની હાલમાં ચાલુ છે તેવી રજુઆત છે અને તેમાં આ દાવાવાળી મિલ્કત અંગે તમામ પ્રકારના કાર્યો કરવા તથા પરત કરવી સતા આપેલ છે તેવી રજુઆત છે તથા આંક–૧૭ થી પક્ષકારો વચ્ચે ઘરમેળે સમાધાન થઈ ગયેલ હોય અને તે અંગે સમજુતીનું લખાણ કરેલ છે જેમાં હાલનો દાવો પરત ખેંચી લેવો તેવો ઉલ્લેખ કરેલ છે. પ્રતિવાદીના વિ. વ.શ્રી કે. એમ. ગણાત્રાને આ બાબતે જાણ કરતા તેઓને દાવો વિડ્રો થાય તેમા કોઈ તકરાર ન હોવાનું જણાવેલ છે. વાદી તથા તેમના વિધ્વાન વકીલશ્રીની સદરહુ વિથ ડ્રો પુરશીશ આધારે સદર દાવો બિન શરતી વિડ્રોથી આજરોજની લોક અદાલતમાં ફેસલ કરવામાં આવે છે.

નિયમોનુસાર કોર્ટ ફી રિફંડ સર્ટીફીકેટ વાદીના નામે ઈસ્યુ કરવુ.

આજરોજ તા: ૦૫ મી, માહે: ફેબ્રુઆરી, સને:૨૦૨૨ ના રોજ શનિવારની કાયમી લોક અદાલતમાં મારી સહી કરી જાહેર કર્યો.

તા:૦૫/૦૨/૨૦૨૨<br>
મુંદરા – કચ્છ.

**( એ. જી. ઓઝા )**<br>
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,<br>
મુન્દ્રા –કચ્છ,<br>
કોડ જી.જે.૦૦૮૬૯